આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

અપૂર્ણ લાગતું જીવન
પ્રાર્થનાથી પૂર્ણ થાય છે
- પૂજ્ય મોટા

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૬૫ | ૨૫ ઓગષ્ટ, ૨૦૧૩, રવિવાર; શ્રાવણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## સોનિયા-રાહુલ ગુજરાત આવે છે

### વિધાનસભાનું ટુંકું સત્ર બોલાવી સરકાર ઔપચારિકતા પૂર્ણ કરવાનો દંભ કરે છે : શંકરસિંહ વાઘેલા

ગાંધીનગર, તા. ૨૪

કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ગુજરાતના પ્રવાસે ટુંકમાં આવશે તેવા સંકેત આજે વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ આપ્યા છે.

તેમણે જણાવ્યુ હતુ કે સોશ્યલ નેટવર્કીંગ દ્વારા લોકોને કોંગ્રેસ સાથે જોડવાનું અભિયાન હાલ પૂરજોશમાં ચાલી રહ્યું છે અને તે નિમિત્તે એક ખાસ સંમેલનનું આયોજન પણ વિચારણામાં છે. આ સભાને રાહુલ ગાંધી અથવા સોનિયાજી સંબોધશે.

શ્રી વાઘેલાએ આજે તેમના વતન વાસણ ખાતે પત્રકારો સાથેની અનૌપચારિક વાતચીતમાં જણાવ્યું હતું કે રાહુલ ગાંધી યુવાનોના આઈકોન છે. તેઓ નિરાભિમાની તેમજ ટીકાકારોને પણ સૌમ્ય ભાષામાં કેવી રીતે કહી શકાય તેવી શિખામણ આપે છે.

ભાજપના યુવા મોરચા દ્વારા યુવાનોને જોડવાના અભિયાનને દંભ લેખાવતાં જણાવ્યુ હતુ કે અભિયાનથી નીતરતુ વ્યક્તીત્વ એ આકર્ષણ ના હોઈ શકે. તેમણે મિત્તભાષી અને કરૂણાસભર વ્યક્તીત્વ એ આકર્ષક બની શકે. શ્રી વાઘેલાએ તળપદી ભાષામાં કહ્યુ હતુ કે સત્યનો સૈકો હોય છે દંભનો દસકો હોય છે.

વિધાનસભાના સત્રને લઈ પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં શ્રી વાઘેલાએ જણાવ્યું હતું કે તેમણે આ બાબતનો લઈ રાજયના મહામહીન રાજયપાલશ્રી અને વિધાનસભાના અધ્યક્ષશ્રીને પત્ર લખી સત્ર ટુંકુ નહિ પણ લાંબુ બોલાવવા રજુઆત કરી છે.

સરકાર બંધારણની જોગવાઈઓનો આધીન રહી ઔપચારિકતા પૂરી કરવા માટે ટુંકુ સત્ર બોલાવે છે તે યોગ્ય નથી. સત્ર દરમ્યાન સભ્યોને તેમના વિસ્તારના લોક પ્રશ્નો રજુ કરી શકે તેવી તક પ્રાપ્ત થવી જોઈએ. ખેર સરકારને ટીકા સાંભળવી ગમતી નથી એટલે ઔપચારિકતાઓ પૂરી કરવામાં માને છે અને દંભ લોકશાહીના તેઓ રક્ષક હોવાની વાત કરે છે.



નંદ ઘેર આનંદ ભયો - ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવની ઉજવણીનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે.... આનંદ અને ઉલ્લાસનું પર્વ એટલે જન્માષ્ટમીનું પર્વ.... જીવન જીવવાની કળા એટલે ભગવાન શ્રીકૃષ્ણનું જીવન... જેમણે વાંસળી પણ વગાડી અને શંખનાદ પણ કર્યો.... એવા ભગવાન શ્રીકૃષ્ણના વિવિધ સ્વરૂપો જીવનના દરેક સ્તર પર નવા પાઠ ભણાવે છે.... જન્માષ્ટમી પૂર્વે વિવિધ શાળાઓમાં મટકી ફોડનો કાર્યક્રમ અચૂક યોજાય છે... બાળકોને પણ મટકીફોડના કાર્યક્રમમાં ખૂબ જ મજા આવે છે... ધાર્યા નિશાન પર પહોંચવું, સૌનો સાથ લઈને પહોંચવું, સામુહિક જીવનની સાથે સાથે આત્મવિશ્વાસની અનુભૂતિ કરાવતો આ પ્રસંગ પ્રેરક અને પૂરક બની જાય છે... આપણા પાડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં તો વ્યાપક સ્વરૂપમાં મટકી ફોડના કાર્યક્રમો યોજાય છે... સાતમ-આઠમના મીની વેકેશન પૂર્વે કડી કેમ્પસમાં આર.સી. હાઈસ્કૂલના બાળકોએ દીલધડક મટકીફોડનો કાર્યક્રમ ઉજવ્યો હતો.

## ગાંધીનગરમાં પુનઃ વરસાદી માહોલ

### ગઈકાલથી શરૂ થયેલો શ્રાવણિયો વરસાદ ! તાપમાનમાં ઘટાડો : આકાશમાં કાળા વાદળો ઘેરાયા છે

ગાંધીનગર, તા. ૨૪

ઘણા દિવસોના ઉઘાડ બાદ ગઈકાલથી ગાંધીનગર શહેરમાં પુનઃ વરસાદી માહોલ છવાયો છે. ઝરમર વરસાદથી વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ છે. જો કે વરસાદ



ખુબ જ ઓછો એટલે કે ૩ મી.મી. જ નોંધાયો છે.

ઘણા દિવસોના વિરામ બાદ શહેરમાં પુનઃ વરસાદી માહોલ છવાયો છે. જુલાઈ અને ઓગષ્ટના પહેલા પખવાડિયામાં ધોધમાર વરસાદ પડ્યા બાદ છેલ્લા દસેક દિવસથી શહેરમાં ઉઘાડ નીકળ્યો હતો. ઉઘાડ નીકળતા ગરમીમાં પણ વધારો થયો હતો. ઘણા દિવસો સુધી ઉઘાડવાળુ વાતાવરણ રહ્યા બાદ ગઈકાલથી પુનઃ વરસાદી માહોલ છવાયો છે. છેલ્લા બે દિવસથી વાતાવરણમાં ભેજનું પ્રમાણ સતત વધી રહ્યુ હતુ. જેના પરિણામે એવુ લાગતુ જ હતુ કે હવે એકાદ બે દિવસમાં વરસાદ પડશે જ. ગઈકાલે પણ સવારથી જ ખુબ ગરમી લાગતી હતી. તે પછી સાંજે આકાશમાં કાળા વાદળો ઘેરાવા લાગ્યા હતા અને સાંજે ધીમી ધારે વરસાદ પડવાનો શરૂ થઈ ચુક્યો હતો. વરસાદી માહોલ આજે તો સતત છવાયેલો રહ્યો હતો. દિવસ દરમ્યાન ક્યારેક તડકો નીકળ્યો હતો. પરંતુ તે સિવાય વાદળોએ આકાશમાં કબ્જો જમાવી લીધો હતો. ઝરમર વરસાદ અવારનવાર વરસી જતો હતો. ઝરમરીયો વરસાદ પડતા વાતાવરણમાં ઘણી ઠંડક છવાઈ ગઈ છે. તાપમાનનો પારો નીચે ઉતરી ગયો છે. આજે મહત્તમ તાપમાન ૨૯.૮ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬.૦૦ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૯૫ ટકા અને સાંજે ૮૧ ટકા રહ્યુ હતુ. ધીમા વરસાદથી ગંદકી પણ ખુબ વધી છે.

## નર્મદા ડેમ ૧૩૦.૬૪ મીટરની નવી વિક્રમી સપાટીએ

### ૧૦ હજારથી વધુ લોકોનું સ્થળાંતર : ભરૂચ, નર્મદા, વડોદરા જિલ્લાના ૩૧૦ ગામોમાં કટોકટીની સ્થિતિ : બચાવ અને રાહત કામગીરી જારી : ભરૂચના નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર

ભરૂચ,તા. ૨૪

ભરૂચ નર્મદા નદી ઉપર સરદાર સરોવર બંધમાં પાણીની સપાટી આજે સવારમાં ૧૩૦.૬૪ મીટરની ઊંચી સપાટીએ પહોંચી ગઈ હતી. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદાના ઉપરવાસ મધ્યપ્રદેશમાં આવેલા ઘોડાપૂરના કારણે ૧૫ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવતા નર્મદા ડેમની સપાટી ૧૩૦ મીટરથી પણ ઉપર પહોંચી ગઈ હતી. આના લીધે ભરૂચ, નર્મદા અને વડોદરા જિલ્લામાં ૩૧૦થી વધુ ગામોમાં કટોકટી ઉભી થઈ ગઈ છે. ભરૂચ

● અનુસંધાન પાન-૭ પર










